| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૬ | ૦૬ | ૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૧૬ | ૦૬ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૨૦ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**પોરબંદરના મ્હે. ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**

.......................................................................

ફો.પ.અ.નં.૨૭૭/૨૦૨૬

(૧) **જયેશ ટપુભાઇ મોરી**
ઉ.વ.આ. ૨૮, ધંધો: માલધારી,
રહે. પાસ્તર ગામ, તા. ભાણવડ,
જી. દેવભુમી દવારકા.

(૨) **દેસુર દેવાભાઇ કોડીયાતર**
ઉ.વ.આ. ૨૭, ધંધો: માલધારી,
રહે. વિંઝરાણા, તા.જી.પોરબંદર
હાલ: બંને ખાસ જેલ, પોરબંદર..........................અરજદારો.

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર,**
નોટીસ થ્રુ પી.પી.,
પોરબંદર.......................................................સામાવાળા.

**બાબત:– પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૨૭૨/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ જામીન મેળવવા માટેની અરજી.**

.......................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એ. એસ. સલેટ
સામાવાળા તરફે વિ.પી.પી. શ્રી એસ. બી. જેઠવા

.......................................................................

**–:: ઠ રા વ ::–**

(૧) અરજદાર/આરોપીનાએ તેઓ સામે નોંધાયેલ પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૨૭૨/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ જામીન મેળવવા માટે અરજી કરેલ છે.

(૨) ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ થી ૩ ભાગીદારીમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની વેચાણ કરવા સારૂ હેરાફેરી કરી આરોપી નં. ૩ દવારા ક્રેટા કાર રજી. નં. જી.જે.૧૮.બી.એફ.૦૪૫૧ થી વોચ કરાવી અને આરોપી નં. ૪ દવારા હુન્ડાઇ વેન્યુ કાર રજી. નં. જી.જે.૧૪.એ.પી.૬૨૦૦ માં અલગ–અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મીલીની કુલ બોટલો નંગ–૨૩૪, કિં.રૂા. ૨,૫૭,૪૦૦/– નાં મુદામાલ હેરાફેરી કરતાં રેઇડ દરમ્યાન હુન્ડાઇ વેન્યુ કાર રજી.નં. જી.જે.૧૪.એ.પી.૬૨૦૦, કિં.રૂા. ૫,૦૦,૦૦૦/– ની પ્રોહી મુદ્દામાલ સાથે મુકી નાસી જઇ કુલ રૂા. ૭,૫૭,૪૦૦/–નો મુદ્દામાલ મળી આવેલ અને તેમ કરી આરોપીઓએ ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૩) જામીન અરજી રજુ થતા સામાપક્ષે પ્રોશીકયુશનને નોટીસ કાઢતાં સરકારપક્ષે વિ.પી.પી.શ્રી એસ. બી. જેઠવા હાજર રહેલ અને આંક–૦૪ થી ત.ક.અમલદારનું સોગંદનામું રજુ કરેલ.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એ. એસ. સલેટનાઓએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૨૭૨/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો નોંધાયેલો છે. અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઇ જોતાં મોત કે આજીવન કેદની સજાને પાત્ર ગુનાના કોઇ આક્ષેપ નથી. અરજદાર/આરોપીઓ પાસેથી કોઇ રીકવરી ડીસ્કવરી કરવામાં આવેલ નથી. જે મુદ્દામાલ મોટરકારમાંથી મળી આવેલ છે તે મોટરકાર અરજદાર/આરોપીઓની માલીકીની નથી. અરજદાર/આરોપીઓ પાસ્તર અને વિંઝરાણાના કાયમી રહીશ છે અને માલધારીનું કામ કરી તેમનું તથા પરીવારનું ગુજરાન ચલાવે છે અને તેમના પરીવારમાં મુખ્ય કમાનાર તેઓ જ

છે. જેથી જામીન પર મુકત થયે કયાંય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપીઓને કેસ ચાલતા સુધી જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવામાં આવે તો કેસ ચાલતા ખુબ જ સમય પસાર થાય તેમ છે અને ટ્રાયલ ચાલતા પહેલા સજા થઈ જાય તેવા સંજોગો છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ.

(૫) સરકારશ્રી તરફે પી.પી.શ્રી એસ. બી. જેઠવાનાઓએ ત.ક.અમલદારનાઓએ આંક–૦૪ થી રજુ કરેલ એફીડેવીટમાં દર્શાવેલ ગુનાની હકીકત તથા આરોપી વિરૂધ્ધની વિગતો ધ્યાનમાં લઇને એવી દલીલ કરી જણાવે છે કે, આ કામના અરજદાર/આરોપીઓનું પ્રથમથી જ ફરીયાદમાં નામ છે અને આ કામના આરોપી નં. ૨ તથા ૪ની સાથે ભાગીદારીમાં ધંધો કરવા સારૂ ભારતીય વિદેશી દારુની હેરાફેરી કરી કરાવી ગુનો કરેલ છે. અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો આ કામના પકડવાના બાકી રહેલ આરોપીઓને સીધી કે આડકતરી રીતે મદદ કરી નાસતા ફરતા રહેવામાં મદદગારી કરશે તેવી પુરી શકયતા છે. અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો ફરી વખત આવો ગુનો કરે તેવી શકયતા રહેલ છે તેમજ અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો તેઓ પોતાની આ ગેરકાયદેસર પ્રોહીબીશનની પ્રવૃતી મોટા પાયે ચાલુ કરે તથા નાશી ભાગી જાય તેવી પુરી શકયતા છે. તેથી આ જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૬) અરજદારની જામીન અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. ત.ક.અમલદારે રજુ કરેલ આંક–૦૪ નું એફીડેવીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા વિ. પી.પી.શ્રીની દલીલો સાંભળી.

(૭) આ કામે ઉપરોકત બંને પક્ષકારો તરફેની રજુઆતો તેમજ પોલીસ પેપર્સ અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાનો આરોપ રહેલો છે. સમગ્ર રેકર્ડ અને પોલીસ પેપર્સ ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, આ કામના આરોપી નં. ૧ થી ૩ ભાગીદારીમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની વેચાણ કરવા સારૂ હેરાફેરી કરી આરોપી

નં. ૩ દવારા ક્રેટા કાર રજી. નં. જી.જે.૧૮.બી.એફ.૦૪૫૧ થી વોચ કરાવી અને આરોપી નં. ૪ દવારા હુન્ડાઇ વેન્યુ કાર રજી. નં. જી.જે.૧૪.એ.પી.૬૨૦૦ માં અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મીલીની કુલ બોટલો નંગ-૨૩૪, કિં.રૂા. ૨,૫૭,૪૦૦/- નાં મુદ્દામાલ હેરાફેરી કરતાં રેઇડ દરમ્યાન હુન્ડાઇ વેન્યુ કાર રજી.નં. જી.જે.૧૪.એ.પી.૬૨૦૦, કિં.રૂા. ૫,૦૦,૦૦૦/- ની પ્રોહી મુદ્દામાલ સાથે મુકી નાસી જઇ કુલ રૂા. ૭,૫૭,૪૦૦/-નો મુદ્દામાલ મળી આવેલ અને તેમ કરી આરોપીઓએ ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૭.૧) સદર કામે તપાસના કાગળો જોતા મુદ્દામાલનો જથ્થો કારમાંથી મળી આવેલ છે જે કાર હાલના અરજદારોની માલીકીની હોવાનો આક્ષેપ જણાતો નથી તેમજ અને હાલના અરજદારોની કસ્ટડીમાંથી મુદ્દામાલ મળી આવેલ નથી. તપાસ કરનાર અમલદારે કરેલા સોગંદનામાં પ્રમાણે અરજદાર/આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવશે તો પ્રોહીબીશનની પ્રવૃતિઓ ચાલુ રાખશે તથા નાશી ભાગી જાશે તેવી પુરી શકયતા છે. પરંતુ તે અંગે યોગ્ય શરતો મુકી શકાય તેમ છે. અરજદાર/આરોપી નં. ૧ સામે અગાઉ એક ગુનો નોંધાયો છે તેમજ અરજદાર/આરોપી નં. ૨ સામે આઠ કેસો નોંધાયેલા છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ આંક-૦૫ થી પુરશીસ રજુ રાખી જણાવેલ કે, અરજદાર/આરોપી નં. ૧ સામે એક ગુનો નોંધાયો છે તે કેસ ફેસલ થઇ ગેલ છે. અરજદાર/આરોપી નં. ૨ સામે નોંધાયેલ ગુનાઓ પૈકી ત્રણ કેસો ફેસલ થઇ ગયેલ છે અને બાકીના બે કેસો પુરાવા પર રહેલ છે. અરજદાર/આરોપી નં. ૧ નાઓ પાસ્તર ગામ, તા. ભાણવડ, જી. દેવભુમી દવારકાના રહેવાસી છે તથા અરજદાર/આરોપી નં. ૨ નાઓ વિંઝરાણા ગામ, તા.જી. પોરબંદરના રહેવાસી છે. અરજદાર/આરોપીઓ તા. ૧૪/૦૬/૨૦૨૬ થી કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીઓ સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર, મહત્તમ સજાની જોગવાઇ તથા રહેઠાણની હકીકત ધ્યાને લેતાં અરજદાર/આરોપીઓને યોગ્ય શરતો હેઠળ જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

(૧) અરજદાર/આરોપી નં. ૧. જયેશ ટપુભાઇ મોરી, રહે. પાસ્તર ગામ, તા. ભાણવડ, જી. દેવભુમી દવારકા, અરજદાર/આરોપી નં. ૨.

દેસુર દેવાભાઇ કોડીયાતર, રહે. વિંઝરાણા, તા.જી. પોરબંદરનાઓ દવારા બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે કરવામાં આવેલી હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૨૭૨/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે દરેક આરોપી રૂા. ૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જાત મુચકરકા તથા તેટલી જ રકમના જામીન ટ્રાયલ કોર્ટ સમક્ષ આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શરતો:–</u>**

૧) અરજદાર/આરોપીનાઓએ તેમની સામે ચાલતા કેસની ટ્રાયલ દરમ્યાન નિયમીતપણે કોર્ટમાં હાજર રહેવું.

૨) અરજદાર/આરોપીનાઓએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

૩) અરજદાર/આરોપીનાઓએ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કોર્ટની પુર્વ પરવાનગી સ્વિાય ભારત દેશની હદ છોડવી નહી.

૪) અરજદાર/આરોપીનાઓએ પોતાના હાલના તથા કાયમી રહેઠાણના સરનામા, મોબાઇલ નંબર અંગેની વિગત જામીન આપતી વખતે રજુ કરવી તથા તેમાં કોઇ ફેરફાર થાય તો તેની લેખીતમાં જાણ ટ્રાયલ કોર્ટને કરવી.

૫) અરજદાર/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે જામીન મુકત થવા બાદ દિન–૭(સાત) માં ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરવાનો રહેશે અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૬) અરજદાર/આરોપીનાઓએ ફરીથી આ પ્રકારની કે અન્ય કોઇપણ પ્રકારની ગુનાહીત પ્રવૃતિ આચરવી નહી.

૭) અરજદાર/આરોપીનાઓએ દરેક માસની પહેલી અને પંદરમી તારીખે સંબંધીત પોલીસ સ્ટેશને આ ગુનાનું ચાર્જશીટ રજુ થાય ત્યાં સુધી નિયમીત હાજરી પુરાવવી.

(૩) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો અરજદાર/આરોપીઓ ભંગ કરશે તો જામીન અંગે કરેલો હુકમ રદ ગણવામાં આવશે.

હુકમ આજરોજ તા. ૨૦ મી, માહે જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોબંદર.
તા.૨૦/૦૬/૨૦૨૬

(એમ. એ. ભટ્ટી)
સેશનસ જજ, પોરબંદર.
**(UID NO GJ01506 )**